# વિરામચિહ્નો

● **અર્થ :**

ભાષાની ઉક્તિતમાં જે અટકસ્થાનો છે તે દર્શાવવા તેમ જ અર્થની દૃષ્ટિએ વાક્યના ઘટકોનો જુદી જુદી જાતનો સંબંધ દર્શાવવા લેખનમાં જે ચિહ્નો વપરાય છે તેને વિરામચિહ્નો કહેવામાં આવે છે.

● **નોંધ :** વિરામચિહ્નો જો યોગ્ય રીતે મૂકવામાં ન આવે તો અર્થનો અનર્થ થઈ જાય છે.

● **દા.ત. :**

ભણવામાં ધ્યાન રાખશો, નહીં રાખશો તો નાપાસ થશો.

ભણવામાં ધ્યાન રાખશો નહીં, રાખશો તો નાપાસ થશો.

# (૧) પૂર્ણવિરામ (.)

● વિધાનવાક્ય અને આજ્ઞાર્થ વાક્યને અંતે પૂર્ણવિરામ મુકાય છે.

રમેશભાઈ જમવા બેઠા છે.
મને એક ગ્લાસ પાણી આપો.

● શબ્દને ટૂંકાવીને લખવા હોય ત્યારે પૂર્ણવિરામ વપરાય છે.

તારીખ = તા. ઉદાહરણ = ઉદા.

# (૨) અલ્પવિરામ ( , )

● બે કે તેથી વધુ નામને જયારે જુદાં પાડવાં હોય ત્યારે અલ્પવિરામ મુકાય છે.

મહેશ,રમેશ,હરેશ અને જયેશ અમદાવાદ જશે.

● સંબોધન કરતી વખતે અલ્પવિરામ મુકાય છે.

માલવ, પાણી લાવજે.

પાર્થવભાઈ, નમસ્કાર !

# (૩) અર્ધવિરામ ( ; )

- એકબીજા સાથે સંબંધ ધરાવતાં વાક્યો વચ્ચે એમને જોડતું ઉભયાન્વયી અવ્યય વાપરવામાં આવ્યું હોય કે વાપરવામાં ન આવ્યું હોય ત્યારે અર્ધવિરામ મૂકવામાં આવે છે.

તે હોશિયાર હતો; તેથી શિક્ષકો તેને ચાહતા.

રમત પૂરી થઈ; જોવા મળેલ લોકો વિખરાયા.

(૪) ગુરુવિરામ (:)
(૫) ગુરુરેખા (−)

● વાકયમાં અમુક વસ્તુઓની ગણતરી કરવા માટે વપરાય છે.

વર્ણ ચાર છે : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર

હવા, પાણી અને ખોરાક − આ ત્રણ વસ્તુઓ વિના કોઈને ચાલે નહીં.

# (૬) પ્રશ્નાર્થચિહ્ન (?)

● કંઈક જાણવા માટે, માહિતી મેળવવા માટે બીજાને પૂછવામાં આવે ત્યારે પ્રશ્નાર્થચિહ્ન મૂકવામાં આવે છે.

અમદાવાદથી તમે શું શું લાવ્યા ?
આજે સોમવાર છે ?

● પ્રશ્નના અર્થવાળું આજ્ઞાર્થ વાકય હોય ત્યારે પ્રશ્નાર્થ ચિહ્ન મુકાતું નથી.
આ કામ કોણે કર્યુ, તે કહો.
('આ  કામ કોણે કર્યુ ? તે કહો.' એ ખોટું છે.)

## (૭) ઉદ્‌ગારચિહ્‌ન ( ! )

● આશ્ચર્ય, પ્રશંસા કે ક્રોધની લાગણી દર્શાવવાની હોય ત્યારે ઉદ્‌ગારચિહ્‌ન મુકાય છે.

કેટલો સુંદર છે તાજમહેલ ! (આશ્ચર્ય - નવાઈ)
કેવો ચતુર છોકરો છે ! (પ્રશંસા - વખાણ)
ખબરદાર ! ત્યાં જ ઊભો રહેજે ! (ક્રોધ)
વાહ ! કેટલી સુંદર સવાર ! (કેવળપ્રયોગી અવ્યય પછી)

● સંબોધન પછી પણ ઉદ્‌ગારચિહ્‌ન વપરાય છે.

પિતા ! પેલો આઘે જગતવીંટ્યો સાગર વહે.

# (૮) અવતરણચિહ્ન (‘ ’)

● કોઈના કહેલા કે લખેલા શબ્દોનો ઉલ્લેખ કરવાનો હોય ત્યારે એ શબ્દોને અવતરણચિહ્નમાં મૂકવામાં આવે છે.

મહેશે પૂછ્યું, ‘બા, હું ફરવા જાઉં’

કવિ કહે છે : ‘કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.’

# (૯) લઘુરેખા (-)

● લખતાં લખતાં લીટીને છેડે શબ્દ અધૂરો રહે ત્યારે શબ્દનું અધૂરાપણું દર્શાવવા લઘુરેખા વપરાય છે.

એ ગામને ફૂલપરી નામ જેણે આપ્યું હશે તે ખરે-ખર ખૂબ રસિક હશે.

# (૧૦) કૌંસ (( ))

● વાક્યમાં કોઈ શબ્દનો અર્થ સ્પષ્ટ કરવાનો હોય ત્યારે સ્પષ્ટતા કરવા માટે વપરાતા શબ્દો કૌંસમાં લખવામાં આવે છે.

જે મનુષ્યમાં વિવેકબુદ્ધિની (સારાનરસાનો ભેદ પારખવાની શક્તિની) ખામી હોય તે પશુ જેવો ગણાય છે.

# (૧૧) લોપચિહ્ન ( ’ )

● શબ્દમાં અક્ષરનો લોપ દેખાડવા લોપચિહ્ન વપરાય છે.

ઝાકળનાં પાણીનું બિંદુ એકલવાયું બેઠું’તું.

# (૧૨) કાકપદચિહ્ન ( ^ )

● શબ્દો કે અક્ષરો લખવાના રહી ગયા હોય અને તે જયાં ઉમેરવાના હોય ત્યાં બે શબ્દો કે અક્ષરોની વચ્ચે આ ચિહ્ન મૂકવામાં આવે છે.